# माथुरी गणना अने वालभी गणना वच्चे वीरनिर्वाण संवत्‌मां १३ वर्षना तफावतना वास्तविक कारण विशे ऊहापोह

## (अनुसन्धान – ५८गत ''निह्नव रोहगुप्त, श्रीगुप्ताचार्य...' लेखना अनुसन्धानमां)

– मुनि त्रैलोक्यमण्डनविजय

अनुसन्धान-५८गत 'निह्नव रोहगुप्त, श्रीगुप्ताचार्य अने त्रैराशिकमत' ए लेखमां एक स्थाने पज्जोसणाकप्प(-श्रीकल्पसूत्र) गत एक सूत्रना अर्थ विशे चर्चा थई हती. आ सूत्र अने एनो अर्थ –

''समणस्स भगवओ महावीरस्स जाव सव्वदुक्खप्पहीणस्स नववाससयाइं विइक्कंताइं, दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ । वायणंतरे पुण अयं तेणउए संवच्छरे इइ दीसइ ॥''

अर्थ : (माथुरी गणना प्रमाणे – स्कान्दिल वाचनाना अनुयायीओना मते –) श्रमण भगवान महावीरने निर्वाण पाम्ये नव सैका वीती गया अने दसमा सैकानुं आ ८०मुं वर्ष चाली रह्युं छे. परन्तु अन्य वाचना प्रमाणे तो (वालभी गणना प्रमाणे – नागार्जुनीय वाचनाना अनुयायीओ मते –) आ (दसमा सैकानुं) ९३मुं वर्ष छे एम देखाय छे. (आ वर्ष = देवर्द्धिगणिनी अध्यक्षतामां मळेली परिषद्‌नुं वर्ष)

बे गणनाओ वच्चे आ १३ वर्षनो तफावत केम पड्यो हशे ते विशे पण त्यां चर्चा थई हती के श्रीभद्रगुप्तसूरिजी पछी श्रीश्रीगुप्ताचार्य अने श्रीवज्रस्वामिजी एम बे दशपूर्वधर भगवन्तो एकसाथे वाचनाचार्य बन्या. आमांथी श्रीश्रीगुप्ताचार्य १५ वर्ष अने श्रीवज्रस्वामिजी ३६ वर्ष युगप्रधानपदे रह्या. हवे, वालभी गणना-कारोए, श्रीश्रीगुप्ताचार्यना युगप्रधानत्वपर्यायनां १५ वर्ष, तेओना समकालीन

श्रीवज्रस्वामिजीना युगप्रधानत्वपर्यायनां ३६ वर्षमां ज समाइ जतां होवा छतां, अलगथी गण्यां. मतलब के जो श्रीश्रीगुप्ताचार्यनां १५ वर्षने गणनामां लो, तो त्यार पछी श्रीवज्रस्वामिजीनां (३६-१५=) २१ ज वर्ष गणवां जोइअे; तेने बदले वालभी गणनाकारोअे श्रीश्रीगुप्ताचार्यनां १५ वर्ष गणीने श्रीवज्रस्वामिजीनां ३६ वर्ष गण्यां. परिणामे आ गणना, श्रीश्रीगुप्ताचार्यने गणतरीमां न लेती माथुरी गणना करतां १५ वर्षना वधारावाळी बनी. किन्तु वालभी गणना, श्रीभद्रगुप्तसूरिजी के जेओ ते बन्नेना पुरोगामी युगप्रधान हता, तेओनो युगप्रधानत्वपर्याय माथुरी गणना (४१ वर्ष) करतां बे वर्ष ओछो (३९ वर्ष) मानती होवाथी[१], बे गणना वच्चेनो आ तफावत १३ वर्ष जेटलो स्थिर थयो[२] के जे श्रीदेवर्द्धिगणिजीनी लेखनपरिषद्‌ना वर्ष सुधी कायम रह्यो हतो. आ ज तफावतनुं सूचन उपरना सूत्रमां थयुं छे.

परन्तु, हमणां जैन सत्यप्रकाश, वर्ष ५, अङ्क ९, पृष्ठ ३३०-३३२मां **श्रीहीरालाल रसिकदास कापडिया**अे लखेलो 'पज्जोसणाकप्पना अेक सूत्रनुं पर्यालोचन' अे लेख जोवा मळ्यो. आ लेखमां श्रीकल्पसूत्रगत प्रस्तुत सूत्रना टीकाओमां करायेला विविध अर्थो अने तेनो साचो अर्थ शुं थई शके ते विशे सरस छणावट करवामां आवी छे. आ सूत्रनो अर्थ तो तेओअे अे ज जणाव्यो छे के जे अत्रे उपर लख्यो छे. पण बे गणना वच्चे १३ वर्षनी भिन्नतानुं कारण तेओअे श्रीश्रीगुप्ताचार्यनी गणतरीने बदले जुदुं ज दर्शाव्युं छे –

''विशेष आनन्दनी वात तो अे छे के आ प्रमाणे जे १३ वर्षनो फेर जोवाय छे तेनुं मूळ कारण शुं छे अे पण आ पुस्तकना (वीरनिर्वाण संवत् और जैन कालगणना –मुनिश्री कल्याणविजयजी) १४४-१४७ पृष्ठमां विचारायुं छे. अेनुं तात्पर्य अे छे के केटलाक विक्रमना राज्यारोहणना समयथी विक्रमसंवत् गणता हता, तो केटलाक राज्यारम्भ बाद १३ वर्षमां लोकोने ऋणमुक्त बनावी जे संवत्सर चालु करायो त्यांथी गणता हता.''

अत्रे श्रीकापडिया साहेबे **मुनिश्री कल्याणविजयजी**ना मन्तव्यनुं जे तात्पर्य दर्शाव्युं छे ते मुनिश्रीना मन्तव्यना अन्यथाग्रहणने आभारी छे. केम के मुनिश्रीना मते तो बन्ने गणना मुजब विक्रमना राज्यारोहणना १३मा वर्षे ज विक्रम संवत्‌नो आरम्भ थयो छे. परन्तु मुनिश्रीअे देखाड्या मुजब माथुरी गणना

विक्रमना राज्यारोहणनुं वर्ष वीरनि. सं. ४५७ गणे छे, ज्यारे वालभी गणना वीरनि. सं. ४७०. परिणामे माथुरी गणना ४५७+१३ = वीरनि. सं. ४७०मां विक्रम संवत्नो आरम्भ स्वीकारे छे, ज्यारे वालभी गणना ४७०+१३ = विरनि. सं. ४८३मां. विक्रम संवत्ना आरम्भवर्षना मुद्दे पडेलो बे गणना वच्चेनो आ १३ वर्षनो तफावत श्रीदेवर्द्धिगणिजीना समय सुधी कायम रह्यो छे, जेनुं सूचन श्रीकल्पसूत्रमां थयुं छे एम मुनिश्रीनुं कथन छे.

मुनिश्रीना मते माथुरी गणनाकारो द्वारा स्वीकृत वीरनि. सं. ४७० सुधीनी वास्तविक राज्यकालाधारित कालगणना अने वालभी गणनाकारो द्वारा स्वीकृत क्षतियुक्त कालगणनामां जे भिन्नता छे ते नीचेना कोष्टकमां दर्शाव्या मुजब छे.

| **मुनिश्रीनी कालगणना** | | | **वालभी कालगणना** | | |
|---|---|---|---|---|---|
| **राजा** | **वर्ष** | **वीरनि. सं.** | **राजा** | **वर्ष** | **वीरनि. सं.** |
| पालक | ६० | १-६० | पालक | ६० | १-६० |
| नन्दवंश | १५० | ६१-२१० | नन्दवंश | १५५ | ६१-२१५ |
| मौर्यवंश | १६० | २११-३७० | मौर्यवंश | १०८ | २१६-३२३ |
| पुष्यमित्र | ३५ | ३७१-४०५ | पुष्यमित्र | ३० | ३२४-३५३ |
| बलमित्र-(विक्रमादित्य) | | | बलमित्र- | ६० | ३५४-४१३ |
| भानुमित्र | | | भानुमित्र | | |
| (भरूचमां) | ५२ | ४०६-४५७ | नभःसेन | ४० | ४१४-४५३ |
| (उज्जैनीमां) | ८ | ४५८-४६५ | गर्दभिल्ल | १३ | ४५४-४६६ |
| नभःसेन | ५ | ४६५-४७० | शकराजा | ४ | ४६७-४७० |
| | ४७० | | | ४७० | |

[३]मुनिश्रीए जणाव्या मुजब भरूचना राजा अने कालकाचार्यना भाणेज बलमित्र-भानुमित्र ज जैनोना विक्रमादित्य छे. वीरनि. सं. ४५३ आसपास कालकाचार्ये शकराजाओनी साथे गर्दभिल्लनी विरुद्ध उज्जैनी पर करेली चडाईमां तेओनो पण साथ हतो. त्यारबाद ४ वर्ष पछी उज्जैनीना शासक शकराजाने हटावी तेओ उज्जैनीनी गादी पर बेठा. अवन्ति साम्राज्यने अनुलक्षीने

विक्रमना राज्यारोहणनुं आ वर्ष वीरनि. सं. ४५७ हतुं. ८ वर्ष पछी तेओनो स्वर्गवास थतां उज्जैनीनी गादी पर नभःसेन आव्यो. आ नभःसेनना राज्यना ५मा वर्षे अवन्ति साम्राज्य पर शकसेनानो बहु मोटो हल्लो थयो. आ आक्रमणने अवन्तिनी सेनाओ बहु बहादुरीथी खाळ्युं. अने ओ विजयनी यादगीरीमां ओक संवत् प्रवर्ताव्यो के जे आगळ जतां विक्रम संवत्ना नामे ओळखायो. आ संवत् विक्रमादित्यना राज्यारोहणथी १३मा वर्षे प्रवर्त्यो हतो (८ वर्ष विक्रमशासन + ५ वर्ष नभःसेन). आ वातनुं सूचन नीचेनी पङ्क्तिमां छे –

''विक्कमरज्जाणंतर, तेरसवासेसु वच्छरपवित्ती ।''

पण वालभी गणनाकारोने आ पंक्तिनो अर्थ जुदो ज लाग्यो. तेथी तेओ उज्जैनीनी गादी पर शकराजा पछी विक्रमादित्य नामना राजा वीरनि. सं. ४७०मां बेठा ओवुं स्वीकारी, तेमना शासनना १३ वर्ष बाद वीरनि. सं. ४८३ मां विक्रमसंवत् प्रवर्त्यो ओवुं मानता हता. मतलब के पूर्वोक्त पंक्तिना वास्तविक अर्थनी विस्मृति अने काल्पनिक अर्थनी उत्पत्ति बे गणना वच्चे १३ वर्षना तफावतनुं निमित्त बनी. आ परत्वे मुनिश्रीना शब्दो –

''यह बात तो निश्चित है कि पिछले समय में जैन सङ्घ में एक ऐसा समुदाय भी वर्तमान था, जो वीरनिर्वाण का विक्रमराज्यारम्भ से और उसके नाम से प्रचलित संवत्सर से जुदा जुदा अन्तर मानता था और इस मान्यता का कारण मेरे विचार से ५२ वर्ष के विपर्यास[४] के परिणामस्वरूप ''तेरसवासेसु वच्छरपवित्ती'' इस वाक्य के वास्तविक अर्थ का विस्मरण और काल्पनिक अर्थ की उत्पत्ति ही था । और वालभी गणना में जो १३ वर्ष अधिक आते थे वे इस मान्यता के समर्थक थे ।''

(वी.नि.सं.जै.का. – पृ. १४७)

आम वीरनिर्वाणनां वर्षोमां बे गणनाओ वच्चे तफावतनुं कारण, कापडिया साहेबना मते 'विक्रम संवत्नी उत्पत्ति विक्रमना राज्यारम्भ (वीरनि. सं. ४७०)थी गणवी के राज्यारम्भना १३ वर्ष पछी ?' ओ मतभेद छे. तो मुनिश्रीना मते 'विक्रमनो राज्यारम्भ वीरनि. सं. ४७०मां गणवो के ४५७ मां ?' ओ गणनाभेद छे. ज्यारे आ लखनारना अभिप्राय प्रमाणे 'श्रीश्रीगुप्ताचार्यनी अलग गणतरी करवी के नहि ?' ओ विचारभेद छे.

आ परत्वे आपणे थोडोक ऊहापोह करीशुं. कापडिया साहेबनो मत जो आपणे स्वीकारीअे तो तेना परथी फलित थतां नीचेनां तारणो पण आपणे स्वीकारवां पडे –

१. वीरनिर्वाण संवत्‌नी गणना माटे जैन श्रमणो, युगप्रधानोनी पट्टावली, स्थविरावली व. ने बदले विक्रम संवत् साथेना तेना अन्तर पर मदार राखता हशे. केम के विक्रम संवत् क्यारथी आरम्भायो अे ज वात जो गणनाभेदनुं निमित्त बनी होय, तो आपोआप नक्की थई जाय छे के युगप्रधानोनी गणना तो बन्ने वाचनाकारोना अभिप्राये सरखी ज हती. अने तेम छतां तेनुं सखापणुं बन्नेना मते गौण हतुं.

२. माथुरी गणनाकारो अने वालभी गणनाकारो – अे बन्ने पक्षो विक्रम संवत् क्यारथी आरम्भायो अे बाबते पोतपोताना अभिप्राय परत्वे जेम निश्चित हता, तेम श्रीदेवर्द्धिगणिजीनी वाचनानुं वर्ष वि.सं. ५१०नुं वर्ष छे अे बाबते अत्यन्त मक्कम हता. (माथुरी ४७०+५१० = ९८०, वालभी – ४८३+५१० = ९९३) अन्यथा कोई अेक पक्षे विक्रम संवत्‌मां फेरफार करीने (मतलब के ते वाचनानुं वर्ष माथुरी गणना मुजब वि.सं. ५२३ अथवा वालभी गणना मुजब वि.सं. ४९७ करीने) वीरनिर्वाण संवत्‌नी बाबतमां गणनाभेद निवारी शकायो होत.

३. विक्रमादित्य वीरनि. सं. ४७०मां उज्जैनीनो राजा थयो अने त्यारबाद प्रजाने अनृणी करीने तेणे संवत् प्रवर्ताव्यो. संवत्-प्रवर्तननी आ घटना राज्यारम्भना १३मा वर्षे ज बनी – आ मान्यताने दृढ करनारा अनेक पुरावा वालभी गणनाकारो पासे होवा जोईअे.

४. पूर्वे जणाव्युं तेम वालभी युगप्रधानपट्टावली जो माथुरी गणना साथेना वालभी गणनाना तफावतमां मूळभूत निमित्तभूत न होय, तो ते पट्टावली पण माथुरी युगप्रधानपट्टावली प्रमाणे वाचनानुं वर्ष वीरनि. सं. ९८० ज दर्शावती हशे अेम मानवुं पडे. बीजी तरफ विक्रम संवत्‌ने आधारित गणतरी मुजब वालभी गणना त्यारे वीरनि. सं. ९९३नुं वर्ष स्वीकारती हशे. पट्टावली अने गणना वच्चेना १३ वर्षना आ तफावतने पूरवा माटे वालभी वाचनाकारोअे पट्टावलीमां श्रीश्रीगुप्ताचार्यनो प्रक्षेप कर्यो हशे.

उपरनां तारणो केम स्वीकार्य न बनी शके ते क्रमशः जोईअे —

१. जैन श्रमणो विक्रम संवत्नी उत्पत्तिथी पहेलां कालगणना माटे जेम युगप्रधानो के स्थविरोनी गणतरी पर आधार राखता हता, तेम विक्रम संवत्नी उत्पत्ति पछी पण घणा समय सुधी ते पट्टावलीओ ज कालगणना माटे तेमनो मुख्य आधार हती. विक्रम संवत् साथे जैनोनो नातो आमे शिथिल हतो. अने तेथी ज वीरनिर्वाणना १५मा सैका सुधीना जैन ग्रन्थोमां प्रायः विक्रम संवत्नो उल्लेख नथी देखातो. अेटलुं ज नहीं, विक्रम संवत् ८९८ (वीरनि. सं. १३६८) पूर्वेनो विक्रम संवत्नो निर्देश तो जैनेतर क्षेत्रमां पण क्यांय नथी देखातो[५]. आ संजोगोमां, वीरनिर्वाणना १०मा सैकामां जैन श्रमणोमां वीरनिर्वाण संवत्ना मतभेदनी बाबतमां विक्रम संवत् निमित्त बने, (के जे संवत् क्यारथी शरू थयो, शा माटे शरू थयो व. आज सुधी निर्णीत थयुं नथी) ते थोडुं विचारणीय लागे छे.

२. विक्रम संवत्नी बाबतमां प्रवर्तती अनिश्चितता, जे निश्चित हतो अेवा वीरनिर्वाण संवत्नी बाबते अनिश्चितता सर्जवामां कई रीते निमित्त बने ? कहेवानो मतलब अे छे के बन्ने गणनाकारोना मते श्रीदेवर्द्धिगणिनी वाचनानुं वर्ष जेम वि.सं. ५१० निश्चित हतुं, तेम पट्टावलीओना आधारे जो वीरनि. सं. ९८० पण निश्चित होय, तो विक्रम संवत् क्यारथी शरू थयो अे मुद्दे तेओ विक्रम संवत्ने बदले वीरनिर्वाण संवत्मां शा माटे फेरफार स्वीकारे ?

३. विक्रमादित्ये राज्यारम्भना अमुक समय पछी संवत् प्रवर्ताव्यो अेवा उल्लेख मळे छे. पण आ समयगाळो १३ वर्षनो ज हतो अेवो अेक पण उल्लेख प्रायः मळतो नथी[६]. तो वालभी गणना १३ वर्षनो ज आग्रह शा माटे राखे ?

४. युगप्रधानपट्टावलीओ के स्थविरावलीओ साथे चेडां करवानुं अने तेम करीने विसंगतिओ[७] सर्जवानुं काम जैन श्रमणो करे ते कदापि स्वीकारी न शकाय. वळी, पट्टावलीओमां १३ वर्षनी उमेरणी माटे अनेक विकल्प शक्य होवाथी, जो १३ वर्षोनो उमेरो पाछळथी थयो होत तो पट्टावलीओमां ते बाबते भिन्नता जोवा मळत. पण अेवुं तो नथी. वालभी गणनाने अनुसरती तमाम पट्टावलीओ, स्थविरावली व. ग्रन्थोमां अेकसरखी रीते श्रीश्रीगुप्ताचार्यनी गणतरीने

लीधे १३ वर्षनो वधारो देखाय छे के जे सूचवे छे के श्रीश्रीगुप्ताचार्यनो अे गणनामां पाछळथी प्रक्षेप नथी थयो.

आ बधुं विचारतां 'विक्रम संवत् क्यारथी शरू थयो अे बाबते पडेलो मतभेद बे वाचना वच्चे वीरनिर्वाण संवत्मां १३ वर्षना तफावतनुं कारण बन्यो' अेवो कापडिया साहेबनो अभिप्राय स्वीकार्य न बनी शके.

मुनिश्री कल्याणविजयजीनो अभिप्राय के 'विक्कमज्जाणंतर...' अे गाथानुं वालभी गणनाकारोअे करेलुं अन्यथा अर्थग्रहण बे वाचना वच्चे वीर-निर्वाण संवत्मां १३ वर्षना तफावतनुं कारण बन्युं' ते पण विचारणीय छे. केम के —

१. आ गाथा फक्त मेरुतुङ्गीय विचारश्रेणिना परिशिष्टमां मळे छे.[८] तेथी अेटली प्राचीन न होई शके के छेक वीरनिर्वाणना दसमा सैकामां अेना अर्थनी विस्मृति बे वाचनाओमां मतभेदनुं कारण बने. आमे अेक गाथाना अर्थनुं विस्मरण आटला मोटा मतभेदनुं कारण बने अेम मानवुं थोडुं वधारे पडतुं छे ज.

२. आ गाथाने आपणे अेना सम्पूर्ण स्वरूपमां जोइशुं तो जणाशे के अेनो वास्तविक अर्थ अे ज छे के जे वालभी वाचनाकारोअे स्वीकार्यो छे. गाथा -

''विक्कमरज्जाणंतर, तेरसवासेसु वच्छरपवित्ती ।
सिरिवीरमुक्खओ वा, चउसयतेसीइवासाओ ॥''

अर्थ - विक्रमराजाना राज्यारम्भथी १३ वर्ष बाद संवत्सर प्रवर्त्यो. आ वर्ष श्रीवीरप्रभुना निर्वाणथी ४८३मुं वर्ष हतुं.

माटे वीरनि. सं. ४५७मां विक्रमनो राज्यारम्भ थयो अने त्यारबाद १३ वर्षे वीरनि. सं. ४७०मां संवत्सर प्रवर्त्यो - आवुं 'विक्कमरज्जा...' अे पङ्क्तिनुं तात्पर्य काढवुं वाजबी लागतुं नथी.[९]

३. उपर कापडिया साहेबना मतना ऊहापोह दरमियान, पट्टावलीओने बदले विक्रम संवत्ना प्रवर्तनना मुद्दे वीरनिर्वाण संवत्मां मतभेद मानवामां जे असङ्गतिओ दर्शावी छे, ते बधी अत्रे मुनिश्रीना मतमां पण लागु पडे तेम छे.

४. बलमित्र–भानुमित्र अे ज विक्रमादित्य, उज्जैनीनी गादी पर तेमनुं वीरनि. सं. ४५७मां आरोहण, तेमना अनुगामी राजा नभःसेनना राज्यकालमां ५मा वर्षे शकसेना साथेनुं युद्ध, आ युद्धमां मळेला विजयनी यादगीरीमां संवत्प्रवर्तन, आ संवत् साथे स्वर्गत राजा विक्रमना नामनुं जोडाण – आ तमाम वातो प्रमाणित थाय तो ज मुनिश्रीनो अभिप्राय ग्राह्य बनी शके. परन्तु वी.नि. सं.जै.का.मां ज दर्शावेला सन्दर्भो तपासतां तेओनी आ तमाम कल्पनाओने ऐतिहासिक रीते प्रमाणित करवी मुश्केल लागे छे.

५. विक्रम संवत्नी उत्पत्तिने सम्बन्धित जे उल्लेखो आजे मळे छे, तेमां क्यांय विक्रमराजाना वीरनि. सं. ४५७मां राज्यारोहणनी वात नथी. बल्के वीरनि. सं. ४७० पछी विक्रमनुं राज्यारोहण दर्शावता केटलाक छूटाछवाया उल्लेखोने बाद करतां वीरनि. सं. ४७०मां विक्रमना राज्यारोहणनी बाबतमां तमाम जैन ग्रन्थो अेकमत छे. जैन श्रमणोनी आ मान्यता आधुनिक इतिहासकारोनी दृष्टिअे अप्रामाणिक होय तो पण, माथुरी गणनाकारो वीरनि. सं. ४५७मां ज विक्रमनुं राज्यारोहण स्वीकारता हता अेम दृढपणे कई रीते कहेवाय ?

आ बधो ऊहापोह करतां 'वीरनि. सं. ४५७मां विक्रमादित्य राजा थयो के वीरनि. सं. ४७०मां ?' अे मुद्दे बे गणनाओमां १३ वर्षनो तफावत पड्यो अेवो मुनिश्री कल्याणविजयजीनो अभिप्राय ग्राह्य जणातो नथी.

तेथी समग्रपणे विचारतां अेम जणाय छे के श्रीश्रीगुप्ताचार्यनी वालभी गणनाकारोअे करेली गणतरी वाजबी होवा छतां, पूर्वे जणाव्युं तेम, अे गणनामां थयेली गरबडे माथुरी गणना करतां वालभी गणनामां १३ वर्ष वधारी दीधां छे. आ १३ वर्षना तफावतना मुद्दे बन्ने पक्षो अेटला मक्कम हशे के श्रीदेवर्द्धिगणिनी अध्यक्षतामां थयेली लेखनपरिषद् वखते बे पक्षो वच्चे समाधान शक्य न बनतां पज्जोसणाकप्पमां बे मतोनो उल्लेख जरूरी बन्यो हशे. लागे छे के त्यारे वि.सं. ५१० प्रवर्तमान होवाथी तेनी साथे वीरनिर्वाण संवत्नो मेळ बेसाडवा, वालभी गणनाकारोअे माथुरी गणनाथी जुदा पडीने, वीरनि. सं. ४७०–विक्रमना राज्यारोहणथी वि.सं.नी उत्पत्ति स्वीकारवाने बदले, तेना १३ वर्ष बाद विक्रमे प्रजाने अनृणी करीने संवत् प्रवर्ताव्यो अेम स्वीकार्युं हशे. मतलब के **विक्रमसंवत्ना मुद्दे उद्भवेलो मतभेद वीरनिर्वाणना मुद्दे**

**गणनाभेदनुं निमित्त बन्यो, अेम मानवाने बदले, वीरनिर्वाणनी बाबतमां १३ वर्षनो तफावत विक्रमसंवत्नी उत्पत्तिनी मान्यतामां फेरफारनुं कारण बन्यो अेम मानवुं वधु युक्तिसङ्गत लागे छे.** जो के आ बाबतमां सत्य शुं छे ते तो विद्वानो ज जणावी शके.

* * *

## टिप्पणी

१. वी.नि.सं.जै.का. – पृ. ६१ अने पृ. १३५, टि. ८८

२.

| माथुरी गणना | वीरनि. सं. | वालभी गणना | वीरनि. सं. |
|---|---|---|---|
| आर्य भद्रगुप्त (४१) | ४९५-५३५ | आर्य भद्रगुप्त (३९) | ४९५-५३३ |
| आर्य वज्र (३६) | ५३६-५७१ | आर्य श्रीगुप्त (१५) | ५३४-५४८ |
| आर्य आर्यरक्षित (१३) | ५७२-५८४ | आर्य वज्र (३६) | ५४९-५८४ |
| | | आर्य आर्यरक्षित (१३) | ५८५-५९७ |

३. वी.नि.सं.जै.का. – पृ. ५५-६०

४. मौर्यवंशनां १६०ने बदले १०८ वर्ष गणवामां ५२ वर्षनो विपर्यास थयो छे अेवुं मुनिश्रीनुं कथन छे.

५. वी.नि.सं.जै.का. – टि. ४३, १०८

६. वी.नि.सं.जै.का. – पृ. १४५, छेल्लो परिच्छेद

७. विसङ्गतिओ माटे जुओ – अनुसन्धान ५८, 'निह्नव रोहगुप्त...' लेख

८. वी.नि.सं.जै.का. – टि. १०२

९. जो के मुनिश्रीअे वी.नि.सं.जै.का. – पृ. ६० पर विक्रमना राज्यारम्भथी १३मा वर्षे विक्रम संवत्नी उत्पत्ति स्वीकारवा छतां एनो आरम्भ वीरनि. सं. ४७०मां देखाडनारी नीचेनी गाथा आपी छे –

''विक्कमरज्जाणंतर, तेरसवासेसु वच्छरपवित्ती ।
सुन्नमुणिवेय (४७०) जुत्तो, विक्कमकालाउ जिणकालो ॥''

परन्तु तेओअे आ गाथानो स्थाननिर्देश कर्यो नथी. तेथी लागे छे के आ गाथा तेओअे पोताना मन्तव्यनी पुष्टि माटे नीचेनी बे गाथाओनी पङ्क्तिओने जोडीने बनावी होवी जोईए :

''विक्कमरज्जारंभा, पुरओ सिरिवीरनिव्वुई भणिया ।
सुन्नमुणिवेयजुत्तो, विक्कमकालाउ जिणकालो ॥'' (-माथुरी गणना)
''विक्कमरज्जाणंतर, तेरसवासेसु वच्छरपवित्ती ।
सिरिवीरमुक्खओ वा, चउसयतेसीइवासाओ ॥'' (-वालभी गणना)
आ गाथाओ वी.नि.सं.जै.का.- पृ. १४६ पर आपवामां आवी छे.

वी.नि.सं.जै.का. — वीरनिर्वाण संवत् और जैन कालगणना, ले. - मुनिश्री कल्याणविजयजी, प्र. - क.वि. शास्त्रसमिति - जालोर, वि.सं. १९८७

## पूर्ति

अनुसन्धान-५७, पृष्ठ ९३ पर उत्तराध्ययन-निर्युक्तिनी अेक गाथाना अर्थ विशे विचार करवामां आव्यो हतो.

''मोत्तूण ओहिमरणं, आवीची आइयंतु(ति)तं चेव ।
सेसा मरणा सव्वे, तब्भवमरणेण णेयव्वा ॥५.१६॥

अवधिमरण, आत्यन्तिकमरण अने आवीचीमरणने छोडीने शेष मरण विशे तद्भवमरण प्रमाणे जाणवुं. अर्थात् तद्भवमरणमां जे स्वामित्व-व्यवस्था छे ते आ मरणमां पण समजवी.

हमणां जाणवा मळ्युं के आ गाथा 'आवी(ई)यंतियंतियं' अेवा पाठभेद साथे प्रवचनसारोद्धार (-नेमिचन्द्रसूरि)मां पण १५७मा द्वारमां मळे छे. आ गाथानी टीका करतां श्रीसिद्धसेनसूरिजीअे जणाव्युं छे के - ''आवीई इति गाथा सूत्रे दृश्यते । न चाऽस्या भावार्थः सम्यगवगम्यते । नाऽप्यसावुत्तराध्ययनचूर्ण्यादिषु व्याख्यातेत्युपेक्ष्यते ।''

परन्तु आ गाथानो उपर दर्शावेलो भावार्थ प्रवचनसारोद्धारगत मरणद्वारना निरूपण सन्दर्भे पण योग्य लागे छे तेम पू.आ. श्रीमुनिचन्द्रसूरिजीअे जणाव्युं छे.

— त्रै०